# 12 દાનવીર કર્ણ

Scanned with OKEN Scanner

# અભ્યાસ

## શબ્દાર્થ

Word Power

| | |
|---|---|
| સ્વગત | = મનમાં (Awakening) |
| દયનીય | = દયા આવે એવો (Compassionate) |
| ઈર્ષા | = દ્વેષ (Jealousy) |
| પ્રખ્યાત | = જાણીતું (Famous) |
| અપવિત્ર | = અશુદ્ધ (Unholy) |
| ધનુષ્ય | = કમાન (BOW) |
| હાંસી | = મજાક (Joke) |
| સૂર્યાસ્ત | = સૂર્ય આથમી જાય તે (Sunset) |
| વીરતા | = બહાદુરી (Bravery) |
| ભિક્ષુક | = ભિખારી, માંગનાર (Beggar) |
| ભાગ્યશાળી | = સારા ભાગ્યવાળો (Lucky) |
| સ્તુતિ | = વખાણ (Praise) |

Scanned with OKEN Scanner

# શ્રુતલેખન

| | | |
|---|---|---|
| ⇒ કુરુક્ષેત્ર | ⇒ સૂર્યાસ્ત | ⇒ ગૌરવશાળી |
| ⇒ ઈન્દ્ર | ⇒ સૈનિક | ⇒ ગરીબ |
| ⇒ સૂર્ય | ⇒ યુદ્ધભૂમિ | ⇒ સાહસિક |
| ⇒ દાનપ્રિયતા | ⇒ ભિક્ષુક | ⇒ પ્રખ્યાત |
| ⇒ વીરતા | ⇒ પૈડું | ⇒ વ્યયચિત્ર |

Scanned with OKEN Scanner

# અભ્યાસ

## સ્વાધ્યાય

### મૌખિક

૧. **કર્ણ યુદ્ધ ભૂમિમાં કઈ સ્થિતિમાં પડ્યો હતો ?**

કર્ણ યુદ્ધભૂમિમાં ઘાયલ અવસ્થામાં બેભાન જેવો પડ્યો હતો.

૨. **કર્ણ કયા નામથી પ્રખ્યાત હતો ?**

કર્ણ દાનવીર કર્ણના નામથી પ્રખ્યાત હતો.

૩. **ઈંદ્રએ પથ્થર ઉપાડીને આપવાની કેમ ના પાડી ?**

ઈંદ્રએ પથ્થર આપવાની ના પાડી કેમ કે પથ્થર લોહીથી ખરડાયેલો હતો અને તેથી તે અપવિત્ર હતો.

૪. **ઈંદ્રએ કર્ણને શું આશીર્વાદ આપ્યા ?**

ઈંદ્રએ કર્ણને આશીર્વાદ આપ્યા કે આ સૃષ્ટિ રહેશે ત્યાં સુધી લોકો તેને 'દાનવીર કર્ણ' તરીકે યાદ કરશે અને દેવતાઓ પણ તારી સ્તુતિ કરશે.

૫. **શું કર્ણ ખરેખર દાનવીર હતો ?**

કર્ણ ખરેખર દાનવીરોમાં શ્રેષ્ઠ હતો.

### લિખિત

૧. ૧. **કર્ણએ ભિક્ષુક વેશધારીઓને ભિક્ષામાં શું આપ્યું ?**

કર્ણએ ભિક્ષુક વેશધારીઓને પોતાનો સોનાનો દાંત કાઢીને ભિક્ષામાં આપ્યો.

Scanned with OKEN Scanner

૨. **ઈંદ્ર અને વરુણે ભિક્ષા ન લેવા શું બહાનું કાઢ્યું ?**

ઈંદ્ર એ વરુણે કહ્યું કે સૂર્ય આથમે પછી ભિક્ષા લેતા નથી.

૩. **કર્ણે સૂર્યને શું પ્રાર્થના કરી ?**

કર્ણએ સૂર્યને પ્રાર્થના કરી કે, "સૂર્યદેવ આપ મારા પિતા છો, મારા મરણ સમયે મારા વચનનું રક્ષણ કરો."

૨. **સાચા વાક્ય પર ✓ અને ખોટા પર ✗ ચિહ્ન કરો.**

૧. ઈંદ્ર અને વરુણ ભિખારી બનીને કર્ણ પાસે ગયા. [✓]

૨. મહાભારતનું યુદ્ધ દિલ્હીના મેદાનમાં થયું હતું. [✗]

૩. કર્ણ ભિક્ષા ન આપી શક્યો,કારણ કે તે સમયે તેની પાસે કંઈ ન હતું. [✗]

૪. કર્ણે વેશધારી ઈંદ્ર અને વરુણને પોતાના કુંડળ આપ્યા. [✗]

૫. અંતે કર્ણ પરીક્ષામાં સફળ થયો. [✓]

૩. **સાચો ઉત્તર શોધો.**

૧. **ઈંદ્ર કર્ણની પરીક્ષા કેમ લેવા માગે છે ?** [✓] કર્ણને નીચો દેખાડવા માટે

૨. **ઈંદ્ર કર્ણની પરીક્ષા લેવા પોતાની સાથે કોને લઈ જાય છે ?** [✓] વરુણ દેવને

૩. **કર્ણ કોનો પુત્ર હતો ?** [✓] સૂર્ય દેવનો

૪. **કર્ણનો દાંત કઈ ધાતુથી બનેલો હતો ?** [✓] સોનું

## મૂલ્યવર્ધક પ્રશ્ન

જો મને દાન આપવાનું કહેવામાં આવે તો હું મારા કપડાં, બૂટ, પૈસા વગેરે દાનમાં આપી શકું.

## ભાષાજ્ઞાન

૧. **સમાનાર્થી શબ્દો લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| નયન | - | નેત્ર | વાર્તા | - | કથા |
| ઝંડો | - | ધ્વજ | યુદ્ધ | - | લડાઈ |
| લોહી | - | રક્ત | સોનું | - | સુવર્ણ |
| સૂર્ય | - | ભાન | સેવા | - | ચાકરી |

Scanned with OKEN Scanner

**ઈ. યોગ્ય વિરામચિહ્નો લગાવો.**

૧. મહારાજ, મને કેમ બોલાવ્યો ?

૨. ધન્ય છે ! ધન્ય છે ! કર્ણ.

૩. કર્ણ પ્રસન્નતાથી હાથ જોડે છે.

૪. જોઈએ આજે શું થાય છે ?

**ઉ. વિરોધી શબ્દો લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઉદારતા | × | કંજૂસાઈ | મિત્ર | × | શત્રુ |
| ન્યાય | × | અન્યાય | સૂર્યાસ્ત | × | સૂર્યોદય |

Scanned with OKEN Scanner

# 13 બાળપણ

Scanned with OKEN Scanner

# અભ્યાસ

## શબ્દાર્થ

**Word Power**

- વૈભવ = સમૃદ્ધિ (Wealth)
- મૂલ્ય = કિંમત (Price)
- સફેદ = ધોળાં, શ્વેત (White)
- આધુનિક = નવયુગ (Fast life)
- આરસ = સફેદ લીસા પથ્થર
- સુવાસ = સુગંધ, સોડમ (Smell)
- ધરતી = ભૂમિ (Earth)
- લલચાયું = ફોસલાયું (Temptation)
- બાળપણ = બાળ અવસ્થા, કુમળી વય, નાની ઉંમર (Child hood)

Scanned with OKEN Scanner

શ્રુતલેખન

બાળપણ આધુનિક સ્થિર સ્પર્ધા ટેલિવિઝ
માધ્યમ વૈભવ મૂલ્ય સુવાસ સલચાયું
ધરતી આનંદ વાર્તા હાદીમા નવયુગ

Scanned with OKEN Scanner

## અભ્યાસ

### સ્વાધ્યાય

**મૌખિક : (વર્ગમાં વિદ્યાર્થીઓ ઉત્તર આપશે)**

૧. તમારા ઘરમાં તમે નાના છો ? હા કે ના........

૨. જો તમારા ઘરમાં તમારાથી નાના ભાઈ-બહેન હોય તો તેની સારસંભાળ માતા કઈ રીતે રાખે છે ?

૩. તમારા નાના ભાઈ કે બહેન હોય તો તેને શાનો શોખ છે ?

૪. તમે તમારા ભાઈ-બહેન સાથે સમય પસાર કરો છો ? તો કઈ રીતે ?

**લિખિત**

૧. ૧. આધુનિક યુગમાં બાળક ફરવા જવા માટે શું કરે છે ?

આધુનિક યુગમાં બાળક ફરવા જવા માટે મામાના ઘરે અને ઠંડા પ્રદેશમાં જવા માંગે છે.

૨. બાળકનું મન ક્યાં સ્થિર થયું છે ?

બાળકનું મન સફેદ ચોખ્ખા આરસને નિહાળી સ્થિર થયું છે.

૩. આધુનિક યુગ માં બાળક કયા કયા નવા યંત્ર સાધન વાપરે છે ?

આધુનિક યુગમાં બાળક કમ્પ્યુટર, ટેલિવિઝન, લેપટોપ વગેરે જેવા યંત્રો વાપરે છે.

૩. સાચો ઉત્તર શોધો.

૧. ધરતીનો ખોળો ખૂંદતું મારું..........

- [x] બાળપણ
- [ ] યુવાની
- [ ] ઘડપણ
- [ ] શાણપણ

૨. આ કવિતા લખનાર કવિયત્રી નું નામ શું છે ?

- [ ] પલ્લવી જોષી
- [ ] સુરેશ મકવાણા

Scanned with OKEN Scanner

☑ નીલમ ત્રિવેદી ☐ અશ્વિની

૩. બાળક કયા સ્થળે મજા માણે છે ?

☑ મામા ઘેર ☐ શાળામાં

☐ નદી કાંઠે ■ પર્વત પર

## ભાષાજ્ઞાન

**૧. સમાનાર્થી શબ્દો લખો.**

સુગંધ – સુવાસ, ખુશ્બુ

ધવલ – શ્વેત, સફેદ

આભ – આકાશ, અંબર, ગગન

હોશિયાર – ચપળ, ચાલાક, ચબરાખ

ધરા – જમીન, ધરતી

**૨. વિરોધી શબ્દો લખો.**

બાળપણ × યુવાની, ઘડપણ

લખવું × વાંચવું

મેળવવું × ગુમાવવું

સુગંધ × દુર્ગંધ

શ્વેત × શ્યામ

ધરતી × અંબર

Scanned with OKEN Scanner

# નિબંધ :- ઉત્તરાયણ

ઉત્તરાયણ ૧૪ મી જાન્યુઆરીએ આવે છે. આ દિવસે સૂર્ય મકરરાશિમાં પ્રવેશતો હોવાથી તેને 'મકરસંક્રાંતિ' પણ કહે છે.

ઉત્તરાયણના દિવસે લોકો સવારે જ ધાબા પર પહોંચી જાય છે. અને પતંગ ચગાવે છે. આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ જાય છે. ચારે બાજુ 'કાપ્યો.... 'કાપ્યો' 'લપેટ.... 'લપેટ....' ની બૂમો સંભળાય છે.

ઉત્તરાયણના દિવસે લોકો તલસાંકળી, બોર, જામફળ વગેરે ખાય છે. લોકો બ્રાહ્મણો અને ગરીબોને દાન કરે છે; ગાયને ઘાસ અને ઘૂઘરી ખવડાવે છે.

કેટલાક લોકોને પતંગ પકડવામાં મજા આવે છે. પતંગ પકડવા જતા કેટલાક લોકો વાહનો સાથે અથડાઈ જાય છે. કેટલાક લોકો ધાબા પરથી નીચે પડી જાય છે.

ઉત્તરાયણ મારો પ્રિય તહેવાર છે.

~~~ x ~~~ x ~~~ x ~~~ x ~~~
~~~

# નિબંધ :- ૨૬મી જાન્યુઆરી

૨૬મી જાન્યુઆરી આપણો રાષ્ટ્રીય તહેવાર છે.

૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ આપણું બંધારણ અમલમાં આવ્યું. આ દિવસથી પ્રજાનું રાજ્ય સ્થપાયું, તેથી આ દિવસને આપણે 'પ્રજાસત્તાકદિન' તરીકે ઉજવીએ છીએ.

પ્રજાસત્તાકદિનના દિવસે સવારે શાળાઓમાં ધ્વજવંદન કરવામાં આવે છે. સરકારી કચેરીઓ પર ધ્વજ ફરકાવવામાં આવે છે. શાળાઓમાં મનોરંજન કાર્યક્રમ કે રમતોત્સવ યોજાય છે.

દિલ્લીમાં આપણા લશ્કરની કવાયત થાય છે. રેડિયો અને ટી.વી. પર દેશભક્તિનાં ગીતો રજૂ કરવામાં આવે છે.

'આપણે આપણા દેશની સેવા કરીએ', એ જ પ્રજાસત્તાકદિનનો સંદેશ છે.

~~~ × ~~~ × ~~~ × ~~~ × ~~~

Scanned with OKEN Scanner
~~~

# સંખ્યા - ૮૧ થી ૧૦૦

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮૧ | - | એક્યાશી | ૯૧ | - | એકાણું |
| ૮૨ | - | બ્યાશી | ૯૨ | - | બાણું |
| ૮૩ | - | ત્યાશી | ૯૩ | - | ત્રાણું |
| ૮૪ | - | ચોર્યાશી | ૯૪ | - | ચોરાણું |
| ૮૫ | - | પંચાશી | ૯૫ | - | પંચાણું |
| ૮૬ | - | છ્યાશી | ૯૬ | - | છન્નું |
| ૮૭ | - | સત્યાશી | ૯૭ | - | સત્તાણું |
| ૮૮ | - | અઠ્યાશી | ૯૮ | - | અઠ્ઠાણું |
| ૮૯ | - | નેવ્યાશી | ૯૯ | - | નવ્વાણું |
| ૯૦ | - | નેવું | ૧૦૦ | - | સો |

Scanned with OKEN Scanner

# વ્યાકરણ : ક્રિયાવિશેષણ

ક્રિયાના અર્થમાં વિશેષતા લાવનાર પદોને 'ક્રિયાવિશેષણ' કહેવાય છે.

ઉદા.
1) પ્રાચી ઝડપથી લખે છે.
2) રામુ સરસ હસે છે.
3) રમા ધ્રૂસકે - ધ્રૂસકે રડી પડી.
4) દાદા ધીમે-ધીમે ચાલે છે.
5) બાળક શાંતિથી રમે છે.
6) લોકો ખડખડાટ હસે છે.
7) પછી તેઓ હળવેકથી બોલ્યા.
8) ભાવેશ સૌની પાછળ બેઠો.
9) સાંજે તું ચોક્કસ આવજે.
10) સાહેબે અમને બહુ દોડાવ્યા.

~~~ x ~~~ x ~~~ * ~~~ x ~~~

Scanned with OKEN Scanner
~~~